# પ્રેસ નોટ

## ગુજરાત યુનિવર્સિટી 70th પદવીદાન સમારંભ યોજાયો

## ૪૯૫૨૮ છાત્ર-છાત્રાઓને પદવી અપાઈ

.............................................................................................................................

તા.29-01-2022

ગુજરાત યુનિવર્સિટીનો ૭૦મો વાર્ષિક પદવીદાન સમારંભ આજરોજ તા.૨૯-૦૧-૨૦૨૨ શનિવાર સવારે ૧૧.૪૫ કલાકે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ અને ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રત જીની અધ્યક્ષતામાં ઓનલાઈન યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ, શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ, મંત્રી શ્રી કુબેરસિંહ ડીન્ડોર, શિક્ષણ સચિવ શ્રી એસ. જે. હૈદર સાહેબ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રોફે. હિમાંશું ભાઈ પંડ્યા, ઉપકુલપતિશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, કુલસચિવ શ્રી ડૉ. પી.એમ.પટેલ, વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓ, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ મેમ્બર્સ, એકેડેમિક કાઉન્સિલ મેમ્બર્સ, સેનેટ મેમ્બર્સ, ભવનોના ડાયરેક્ટશ્રીઓ, ગુજરાત યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટસના વિભાગીય વડાશ્રીઓ,વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

ગુજરાત યુનિવર્સિટીના ગૌરવ ગાનથી આ ૭૦માં વાર્ષિક પદવીદાન સમારંભનો પ્રારંભ થયો હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. હિમાંશું ભાઈ પંડ્યા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક આયામો, સિદ્ધિઓ અને સમાજ અને દેશના વિકાસ માટે યુનિવર્સિટીએ આપેલા પ્રદાન વિષે જણાવ્યું હતું. ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજીએ પદવીદાન સમારંભ ખુલ્લો મુકવાની જાહેરાત કરી હતી. વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રી તરફથી વિવિધ વિદ્યાશાખાના છાત્ર – છાત્રાઓને પદવી એનાયત કરવાનો પ્રસ્તાવ કરાયો હતો. કુલ ૪૯,૫૨૮ છાત્ર – છાત્રાઓને પદવી એનાયત કરવાની જાહેરાત કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કરી હતી.

આ પદવીદાન સમારંભમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબે પદવી પ્રાપ્ત કરનાર છાત્ર-છાત્રાઓને નવા ભારત-આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પરિશ્રમ કરવા અહવાન કર્યું હતું. તેઓએ દેશની સેવા અને દેશના ઉજ્જવળ ભાવી માટે ગૌરવ આપાવે તેવી પ્રવૃત્તિઓ કરવા જણાવ્યું હતું. માનનીય શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબે પણ પદવી પ્રાપ્ત કરનાર છાત્ર-છાત્રાઓને અંતઃકરણપૂર્વકની શુભેચ્છાઓ આપી હતી.

આ પદવીદાન સમારંભમાં ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ દિક્ષાન્ત પ્રવચનમાં ગુજરાત યુનિવર્સિટીને તેના રાષ્ટ્રીય યોગદાન અને સિદ્ધિઓ માટે અભિનંદન અને શુભેચ્છાઓ આપી હતી. ઉપરાંત "આઝાદીના અમૃત મહોત્સવ" અને તેની સાથે સંકળાયેલ અને પ્રકલ્પો માટે છાત્ર-છાત્રાઓને પોતાનું યોગદાન આપવા જણાવ્યું હતું. તેમને છાત્ર-છાત્રાઓને સમાજ અને દેશ પ્રત્યેની જવાબદારીઓનું નિર્વહન કરવા અને રાષ્ટ્રની ઉન્નતી માટે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જવા જણાવ્યું હતું. દિક્ષાન્ત પ્રવચન બાદ કુલાધિપતિશ્રીએ ગુજરાત યુનિવર્સિટી ૭૦માં વાર્ષિક પદવીદાન સમારંભને પૂર્ણ જાહેર કર્યો હતો.

આજરોજ પદવીદાન સમારંભમાં ૨૮૦ ચંદ્રકો ૬૨ શિષ્યવૃત્તિઓ અને પારિતોષિક તેમજ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન એવોર્ડ આપ્યા હતા. આજના આ સમારંભમાં ગુજરાત યુનિવર્સિટીએ બ્લોકચેન આધારિત ડિગ્રી એનાયત કરી હતી જે એક અત્યાધુનિક ટેકનોલોજીવાળી ડિગ્રી છે, જેમાં એકદમ ટૂંકા સમયમાં ડિગ્રીનું વેરિફિકેશન બ્લોકચેન ટેકનોલોજીથી દુનિયામાં કોઈ પણ જગ્યાથી કરી શકાશે. બધા વિદ્યાર્થીઓને જે ડિગ્રી એનાયત કરવામાં આવી છે એ બ્લોકચેન ટેકનોલોજીથી સજ્જ છે.

કોવિડ વાઇરસના વધતા પ્રમાણને ધ્યાનમાં લઈને ગુજરાત યુનિવર્સિટીએ ટેલિમેડિસિન એપની પણ જાહેરાત કરી હતી. આ એપની મદદથી ગુજરાત યુનિવર્સિટીના દરેક વિદ્યાર્થી અને સ્ટાફના આરોગ્યની જાણકારી ડિજિટલ માધ્યમમાં મેળવી શકાશે અને કોવિડના લીધે કવોરન્ટાઈન થયેલ વિદ્યાર્થીઓ ટેલિમેડીસીન અને ટેલીકોન્ફરન્સનાં માધ્યમથી સારવાર પણ આપી શકાશે. બધા વિદ્યાર્થીઓના ડિજિટલ રેકોર્ડ્સ ગુપ્તરીતે જાળવવામાં આવશે. જેને વિદ્યાર્થી પોતે જ એક્સેસ કરી શકશે. ઇલેક્ટ્રોનિક માધ્યમથી વિદ્યાર્થીઓ પોતાનું આરોગ્ય ચેક કરી શકે એવી વ્યવસ્થા પણ આ એપમાં કરવામાં આવી છે.

૨૦૧૯થી ગુજરાત યુનિવર્સિટી પ્રથમ યુનિવર્સિટી બની જ્યાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશનને મહત્વ આપવા પદવીદાન સમારોહમાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના માનમાં અટલ ઇનોવેશન મેડલની શરૂઆત કરવામાં આવી છે. આજે યોજાયેલ ૭૦માં પદવીદાન સમારોહમાં અટલ ઇનોવેશન મેડલ-૨૦૨૨ બે સ્ટાર્ટઅપ ફાઉન્ડરને એનાયત કરવામાં આવ્યા. જેમાં આઈજીન એક્વાના ફાઉન્ડર લિપિ પુજારા જે ઇનોવેટિવ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પાણી શુદ્ધિકરણનું પોર્ટેબલ ડિવાઇસ બનાવે છે જે પાણીજન્ય સૂક્ષ્મજીવાણુઓને મારી નાખે છે.

બૂઝ સ્કૂટરના ફાઉન્ડર ઋત્વિજ દસાડિયાને પણ અટલ ઇનોવેશન મેડલ ૨૦૨૨ એનાયત કરવામાં આવ્યો છે જે ઈ-સ્કૂટર્સ બનાવે છે. જે બેટરીથી ચાલતું ટૂંકા અંતરની મુસાફરી અને આવનજાવનનો પર્યાવરણીય રીતે ટકાઉ વિકલ્પ પૂરો પાડે છે. જે આજની જરૂરિયાત માટે ખુબ જ ઉપયોગી સાબિત થયું છે.

## કુલ એનાયત થનાર પદવીઓની સંખ્યા

તા.૨૯-૦૧-૨૦૨૨ના શનિવારના રોજ ૭૦મો વાર્ષિક પદવીદાન સમારંભમાં વિદ્યાશાખા મુજબ પદવી/ડીપ્લોમા પ્રમાણપત્રોની કુલ સંખ્યાની માહિતી નીચે મુજબ છે

| ક્રમ | વિદ્યાશાખાનું નામ | એનાયત થનાર પદવી – ડીપ્લોમાં પ્રમાણપત્રોની સંખ્યા |
|---|---|---|
| 1 | વિનયન વિદ્યાશાખા | 8676 |
| 2 | વિજ્ઞાન વિદ્યાશાખા | 7943 |
| 3 | ઈજનેરી વિદ્યાશાખા | 36 |
| 4 | કાયદા વિદ્યાશાખા | 1783 |
| 5 | તબીબી વિદ્યાશાખા | 2199 |
| 6 | વાણિજ્ય વિદ્યાશાખા | 25777 |
| 7 | દંત વિજ્ઞાન વિદ્યાશાખા | 397 |
| 8 | ફાર્મસી વિદ્યાશાખા | 02 |
| 9 | શિક્ષણ વિદ્યાશાખા | 2715 |
| | કુલ | 49528 |